eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 352
February 14, 2014

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૬, નોંધ નં.૨૫૬, ૨૫૭ મંછરપુરા, કોલસાવાડ, સુરતમાં આવેલ મિલ્કતમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સંજીવકુમાર ઓડીટોરીયમનાં ઉદ્‌ઘાટન બાબત

સુરત મહાનગરપાલિકા દ્વારા વેસ્ટઝોન (રાંદેર) ખાતે રાજહંસ થિયેટર આગળ હજીરા રોડ પાસે તૈયાર થયેલ સંજીવકુમાર ઓડીટોરીયમનું ઉદ્‌ઘાટન તા. ૧૪/૦૨/૨૦૧૪ ના રોજ થનાર છે. આ સંજીવકુમાર ઓડીટોરીયમ નીતિ નિયમોનુસાર જાહેર જનતા/સંસ્થા દ્વારા નિયત ભાડુ/ ડિપોઝીટ ભરી તા.૦૧/૦૩/૨૦૧૪ થી ઉપયોગ કરી શકશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર કોલેજ અને હોસ્પિટલની સેવાઓ અનિવાર્ય જાહેર કરવા સાથે ફરજ પરની ગેરહાજરીને પ્રતિબંધીત કરતી જાહેરનામાં અન્વયેની નોટીસ

સ્મીમેર હોસ્પીટલ આથી તમામને સુચિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક KV-43-2014-SMN-102014-640-P તા. ૦૭/૦૨/૨૦૧૪ થી ન.ોહ એકટની કલમ ૬૨ હેઠળ સુરત શહેરમાં...

વધુ માટે કલીક કરો >>>>>>



## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ વચ્ચે કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીઓની ટીમો વચ્ચે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જાન્યુઆરી ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન ૩૯૫૪ ઈન્ડોર તથા ૪૧૬૯૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૯૫૦ તથા ૭૨૭ મોટા ઓપરેશનો હાથ ધરાવામાં આવ્યા હતા ૯૧૪૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોનમાં મોટા વરાછા, નાના વરાછા તેમજ કપાદ્રા વિસ્તારમાં કરેલ ડિમોલીશન બાબત

પૂર્વ(વરાછા)ઝોનમાં ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૧૮(મોટા વરાછા)ના ફા.પ્લોટ નં. ૩ માં આવેલ દ્વારકેશ સોસાયટીના સબ પ્લોટ નં. ૧, ૨ માં બીજા માળે આશરે ૨૦' × ૪૦' ના માપ વિસ્તારમાં આર.સી.સી., બીમ, કોલમ તથા ચણતરની દિવાલ નું ગેરકાયદેસર બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>



## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની અને કમિશનરશ્રીઓની ટીમ વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોન દ્વારા E.W.S આવાસમાં સીલ માર્યા તેમજ રસ્તા પર ગે.કા.હોર્ડિંગ તથા બેનર દુર કરેલ

પૂર્વ (વરાછા) ઝોનમાં ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૧૧૮માં આવેલ E.W.S આવાસના રહીશો સમયસર હપ્તા ન ભરતા હોવાના કારણે આજરોજ વરાછા ઝોન દ્વારા કુલ ૩૩૫ ફલેટ પૈકી કુલ ૧૮૦ ફલેટ દ્વારા ના ફલેટને સીલ મારવામાં આવેલ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની અને કમિશનરશ્રીઓની ટીમ વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં પુણા વિસ્તારમાં કરેલ ડિમોલીશન બાબત

પૂર્વ(વરાછા)ઝોન માં ડ્રા.ટી.પી. ૧૨ (પુણા)માં આવેલ સંસ્કારધામ સોસાયટીમાં ગાળા નં.૧૯ પૈકીમાં લીન્ટલ લેવલ સુધીનું આશરે ૮૯૦.૦૦ ચો.ફુટનું આર.સી.સી., કોલમ, લીન્ટલ તેમજ ચણતરસહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## "સંજીવકુમાર ઓડીટોરીયમ"નું લોકાર્પણ બાબત

સુરત મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત ૧૧૦૦ બેઠક ક્ષમતા ધરાવતું "સંજીવકુમાર ઓડીટોરીયમ"નું લોકાર્પણ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તા.૧૪/૦૨/૨૦૧૪ને શુક્રવારના રોજ થનાર છે. જેના શુભારંભ ઉજવણી અંતર્ગત તા.૧૪ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વચ્છ સુરત – સ્વસ્થ સુરત – હરિયાળુ સુરત તા. ૧૨–૨–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

નાનપુરા ચોસઠ જોગાણી માતાના મંદીરથી ગાંધીસ્મૃતિ ભવન થઈ આર.ટી.ઓ. ઓફીસ સુધી બન્ને સાઈડ, સ્વર્ણિમ સર્કલથી સહારા દરવાજા સુધી રેલી તથા ડીવાઈડર, બડેખા ચકલા પોલીસ ગેટથી સુરત ચેનલ રોડ , હનુમાન ચાર રસ્તા સુધી, પારસીવાડ કન્ટેઈનર થી સૈયદપુરા પ્રટ્રોલ પંપ થઈ હરીપુરા હરીજનવાસ સુધી...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત

અત્રેના ઝોન વિસ્તારમાં ફા.ટી.પી.સ્કીમ નં.૩૭ (અલથાણ–સાઉથ) મુજબનાં ફા.પ્લોટ નં.૧૨૫ થી ૭૦ સુધીના ૯.૦૦ મી. પહોળાઈના રસ્તાનો ૧૧૭૦.૦૦ ચો.મી. (૧૨૫૮૭ ચો.ફુટ) તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૨ (ભીમરાડ) મુજબનાં ફા.પ્લોટ નં.૬૬ થી ૬૭ સુધીના ૧૮૦૦ મી....

વધુ માટે કલીક કરો >>>>>>



## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની અને કમિશનરશ્રીઓની ટીમ વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબતઃ-

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૬, નોંધ નં.૨૫૬, ૨૫૭ મંછરપુરા, કોલસાવાડ, સુરતમાં આવેલ મિલ્કતમાં સે.ઝોન/આ/નં.૬૮, તા.૧૨/૦૬/૧૩ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી વિરુધ્ધ મિલ્કતદાર શ્રી હરિલાલ ઈશ્વરલાલ ધ્વારા ૧ થી ૪ માળ પર આશરે ૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં માર્જીનની જગ્યામાં આર.સી.સી. સ્લેબ ભરી ચણતર સહિતનું બાંધકામ કરતાં અત્રેથી તા.૦૭/૦૨/૧૪ના રોજ બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

TOP

## સંજીવકુમાર ઓડીટોરીયમનાં ઉદ્‌ઘાટન બાબત :–

**સુરત મહાનગરપાલિકા દ્વારા વેસ્ટઝોન (રાંદેર) ખાતે રાજહંસ થિયેટર આગળ હજીરા રોડ પાસે તૈયાર થયેલ સંજીવકુમાર ઓડીટોરીયમનું ઉદ્‌ઘાટન તા. ૧૪/૦૨/૨૦૧૪ ના રોજ થનાર છે. આ સંજીવકુમાર ઓડીટોરીયમ નીતિ નિયમોનુસાર જાહેર જનતા/સંસ્થા દ્વારા નિયત ભાડુ/ ડિપોઝીટ ભરી તા.૦૧/૦૩/૨૦૧૪ થી ઉપયોગ કરી શકશે અને જેના બુકીંગ અંગે જરૂરી તમામ વિગતો / પુરાવા સાથે તા.૧૦/૦૨/૨૦૧૪ થી બુકીંગ ખોલાવામાં આવનાર છે. જે સદર તારીખથી સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે સંપર્ક કરવા વિનંતી.**

**TOP**

## સ્મીમેર કોલેજ અને હોસ્પિટલની સેવાઓ અનિવાર્ય જાહેર કરવા સાથે ફરજ પરની ગેરહાજરીને પ્રતિબંધીત કરતી જાહેરનામાં અન્વયેની નોટીસ

સ્મીમેર હોસ્પીટલ આથી તમામને સુચિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક KV-43-2014-SMN-102014-640-P તા. ૦૭/૦૨/૨૦૧૪ થી ન.ોહ એકટની કલમ ૬૨ હેઠળ સુરત શહેરમાં પ્રવર્તતી આપતકાલીન સ્થીતીને અનુલક્ષીને સ્મીમેર કોલેજ અને હોસ્પિટલના તમામ કર્મચારી સભ્યો માટે હડતાળ શરૂ કરવા કે ચાલુ રાખવા પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે. સાથે સાથે મનસ્વીપણે કે તે સિવાય ફરજ પરની બેદરકારી કે ઈન્કારને પણ પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલ છે.

TOP

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"





સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનો શુભારંભ તા.૦૭/૦૨/૨૦૧૪ના રોજ સોનેરી સંધ્યાએ લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, સુરત–ડુમસ રોડ, સુરત ખાતે શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય મંત્રીશ્રી, મહેસુલ, દુષ્કાળ–રાહત, જમીન સુધારણા, પુનઃનિર્માણ, માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિમાણ, ગુજરાત રાજયના વરદ્‌હસ્તે, માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષપણા હેઠળ શુભારંભ કરાવ્યો હતો. માન.મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મા.મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલએ જણાવ્યું હતું કે, રમત ગમત ક્ષેત્રે ક્રિકેટ સિવાયની અન્ય રમતો પણ દાખલ કરી તેની વિવિધ સ્પર્ધાઓ યોજાય અને નવા ખેલાડીઓને પ્રોત્સાહન મળે અને તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશ્વમાં રોશન કરે તેવા પ્રયત્નો થવા જોઈએ. હાલમાં યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૩ની ફાઈનલ રમતોમાં સુરત શહેરે અધિકતમ મેડલો મેળવી આખા રાજયમાં પ્રથમ સ્થાન મેળવ્યાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ તમામ ટીમો ખેલદીલીની ભાવના સાથે રમીને પોતાનો ઉત્કૃષ્ટ દેખાવ કરે તેની શુભેચ્છા પાઠવી હતી.

પ્રથમ દિવસે સાંજે ૪.૦૦ કલાકે રાજકોટ કમિશનર ઈલેવન અને ગાંધીનગર કમિશનર ઈલેવનની વચ્ચે રમાઈ હતી. સૌ પ્રથમ બન્ને ટીની ઓળખવિધિ બાદ મા.મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલએ ટોસ ઉછાળી મેતની શરૂઆત કરી હતી. જેમાં ગાંધીનગર કમિશનર ઈલેવને ટોસ જીતી પ્રથક દાવ લઈ, ૧૧.૪ ઓવરમાં ૨૦ રનમાં ઓલ આઉટ થયા હતા. જેમાં શ્રી મહેશભાઈ મોડએ ૬ રન, શ્રી વિનોદ સાકરીયાએ ૩ રન કર્યા હતા. જયારે રાજકોટ કમિશનર ઈલેવન ટીમ વતી શ્રી પંકજ પીપલીયાએ ૨ રન આપી ૪ વિકેટ, શ્રી નિકુંજ પંડયાએ ૫ રન આપી ૨ વિકેટ, શ્રી ભગીરથ ઝાલાએ ૧ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. રાજકોટ કમિશનર ઈલેવન ટીમે ૩.૨ ઓવરમાં ૧ વિકેટના ભોગે આપેલ લક્ષ્યાંક પુરો કરી, ૯ વિકેટે આસાન વિજય મેળવ્યો હતો. જેમાં શ્રી ભગીરથ ઝાલાએ નોટઆઉટ ૧૧ રન અને શ્રી પંકજ પીપલીયાએ નોટ આઉટ ૮ રન કર્યા હતા. આ મેચમાં શ્રી પંકજભાઈ પીપલીયા મેન ઓફ ધ મેચ ઘોષીત કર્યા હતા. રાત્રે ૭–૦૦ કલાકે ભાવનગર મેયર ઈલેવને ટોસ જીતી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૩૨ રન બનાવ્યા હતા. જેમાં શ્રી ઈમરાન કુરૈશીએ

TOP

નોટઆઉટ ૫૨ (બાવન) રન કર્યા હતા. જે લક્ષ્યાંક રાજકોટ મેયર ઈલેવને ૧૨.૩ ઓવરમાં ૩ વિકેટે ૧૩૫ રન બનાવી ૭ વિકેટે વિજય મેળવ્યો હતો. આ મેચમાં રાજકોટ મેયર ઈલેવનના શ્રી અનિલ લીંબડ, જેમણે ૩૪ બોલમાં નોટ આઉટ રહી ૬૨ રન બનાવ્યા હતા તેમને મેન ઓફ ધ મેચ ઘોષીત કર્યા હતા.

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય મંત્રીશ્રી, મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી રમેશભાઈ લાઠિયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતીબેન સોસા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, અન્ય મહાનગરપાલિકામાંથી પધારેલ પદાધિકારીશ્રીઓ–ખેલાડીઓ, સુરત મહાનગરપાલિકાના મ્યુ.સદસ્યશ્રીઓ, સુરત ડિસ્ટ્રકટ એસોસિએશનના પ્રમુખશ્રી કનૈયાભાઈ કોન્ટ્રાકટર, અધિકારીશ્રીઓ, પ્રચાર–પ્રસાર માધ્યમના પ્રતિનિધિશ્રીઓ તથા ક્રિકેટ પ્રેમી નગરજનો ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના પ્રમુખશ્રી કનૈયાભાઈ કોન્ટ્રાકટર તથા હોદ્દેદારોએ આ ટુર્નામેન્ટ માટે અન્ય સગવડ સાથે સુંદર ગ્રાઉન્ડ આપી સહભાગી થયા છે.

ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ વચ્ચે કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના હેતુથી વર્ષ ૨૦૦૮ થી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શરૂ થયેલ ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૯માં સુરત મહાનગરપાલિકાએ આયોજન કર્યુ હતું. ફરી વર્ષ ૨૦૧૪માં ''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪''માં સુરત મહાનગરપાલિકા યજમાન બન્યું છે. તા.૦૭.૦૨.૨૦૧૪ થી તા.૧૩.૦૨.૨૦૧૪ સુધી દરરોજ બે મેચો રમાનાર છે. પ્રથમ મેચ દરરોજ બપોરે ૩.૩૦ કલાકે કમિશનરશ્રીની ટીમો વચ્ચે અને દ્વિતીય મેચ રાત્રે ૭.૩૦ કલાકે મેયર્સશ્રીની ટીમો વચ્ચે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ વચ્ચે કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીઓની ટીમો વચ્ચે તા.૦૭/૦૨/૧૪ થી તા.૧૩/૦૨/૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. ટુર્નામેન્ટના ત્રીજા દિવસે તા.૦૯/૦૨/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે જામનગર કમિશનર ઈલેવન અને અમદાવાદ કમિશનર ઈલેવનની વચ્ચે મેચ રમાઈ હતી. જામનગર કમિશનર ઈલેવને ટોસ જીતી પ્રથમ દાવ લઈ, નિર્ધારીત ૨૦ ઓવરમાં ૧૧૮ રન કર્યા હતા. જેમાં શ્રી અવનીશ ખેરના ૩૪ બોલમાં ૩૭ રન, શ્રી સુનિલ વાઘેલાના ૨૭ બોલમાં ૨૦ રન અને શ્રી નરેશ પરમારના ૧૮ બોલમાં ૧૮ રન મુખ્ય હતા. જયારે અમદાવાદ કમિશનર ઈલેવન ટીમ વતી શ્રી ઈમ્તીયાઝ પટેલએ ૩ વિકેટ, શ્રી પ્રકાશ વાલુન્દ્રાએ ૨ વિકેટ અને શ્રી ભાવેશ પટેલએ ૧ વિકેટ ઝડપી હતી. અમદાવાદ કમિશનર ઈલેવન ટીમએ લક્ષ્યાંકનો પીછો કરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૦૦ રન કરી શકી હતી. જેમાં શ્રી એરીક રીબેરો નોટઆઉટ ૨૮, શ્રી ઉમેશ મકવાણાએ ૨૧ અને શ્રી જગદીશ વાઘલાએ ૧૯ રન કર્યા હતા. જામનગર કમિશનર ઈલેવનના શ્રી મુકેશ ઢાકેચાએ ૧ વિકેટ, શ્રી જિતેન્દ્ર રાઠોડ અને શ્રી આશિષ મકવાણાએ બે–બે વિકેટ લીધી હતી. આમ જામનગર કમિશનર ઈલેવનનો ૧૮ રને વિજય થયો હતો. મેચના અંતે શ્રી અવનીશ ખેર મેન ઓફ ધ મેચ ઘોષીત થયા હતા.

ટુર્નામેન્ટના ત્રીજા દિવસ તા.૦૯/૦૨/૧૪ની બીજી મેચ રાત્રે ૭.૩૦ કલાકે સુરત મેયર્સ ટીમ અને ગાંધીનગર મેયર્સ ટીમ વચ્ચે રમાઈ હતી. ગાંધીનગર મેયર્સ ટીમે ટોસ જીતીને પહેલાં ફિલ્ડીંગ પસંદ કરી હતી. સુરત મેયર્સ ટીમએ શ્રી મનોજભાઈ લોટવાલાના ૩૮ બોલમાં ૬ ચોગ્ગા સાથે ૫૮ રન, શ્રી યશોધરભાઈ દેસાઈના ૨૯ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૨૬ રન અને શ્રી સતીષભાઈ સી. પટેલના ૨ ચોગ્ગા સાથે ૧૮ રનના સહ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૪૫ રન કર્યા હતા. ગાંધીનગર મેયર્સ ટીમ વતી શ્રી શંકરભાઈ ચૌધરીએ ૨ વિકેટ અને શ્રી કાર્તિકભાઈ પટેલએ ૧ વિકેટ લીધી હતી. ગાંધીનગર મેયર્સ ટીમ શ્રી હર્ષજીત પંડયાના ૫૨ બોલમાં ૬ ચોગ્ગા સાથે ૬૭ રન અને શ્રી રાકેશભાઈ પટેલના ૩૩ બોલમાં ૪ ચોગ્ગા સાથે ૩૭ રનના સંઘર્ષપૂર્ણ મુકાબલા બાદ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૨૫ રન સુધી પહોંચતા સુરત મેયર્સ ટીમનો ૨૦ રને વિજય થયો હતો. હવે તા. ૧૦–૦૨–૨૦૧૪ના રોજ રમાનાર સેમીફાઈનલ મેચમાં રાજકોટ મેયર્સ ટીમ સામે મુકાબલો થશે. સુરત મેયર્સ ટીમ વતી શ્રી મનોજભાઈ લોટવાલાએ ૩ વિકેટ અને શ્રી સતીષભાઈ સી.પટેલએ ૨ વિકેટ લીધી હતી. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી મનોજભાઈ લોટવાલાને જાહેર કરવામાં આવ્યા હતા.

હવે પછી તા.૧૦.૦૨.૧૪ના રોજ બપોરે ૩.૩૦ કલાકે વડોદરા કમિશનરશ્રીની ટીમ વર્સીસ જુનાગઢ કમિશનરશ્રીની ટીમ વચ્ચે અને સાંજે ૭.૩૦ કલાકે અમદાવાદ મેયરશ્રીની ટીમ વર્સીસ જામનગર મેયરશ્રીની ટીમ વચ્ચે યોજાશે. તા.૦૭.૦૨.૨૦૧૪ થી શરૂ થયેલ આ ટુર્નામેન્ટમાં તા.૧૩.૦૨.૨૦૧૪ સુધી દરરોજ બે મેચો રમાનાર છે. પ્રથમ મેચ દરરોજ બપોરે ૩.૩૦ કલાકે કમિશનરશ્રીની ટીમો વચ્ચે અને દ્વિતીય મેચ રાત્રે ૭.૩૦ કલાકે મેયર્સશ્રીની ટીમો વચ્ચે યોજાશે. જે મેચ નિહાળવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

**TOP**

## માહે જાન્યુઆરી ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન ૩૯૫૪ ઈન્ડોર તથા ૪૧૬૯૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૯૫૦ તથા ૭૨૭ મોટા ઓપરેશનો હાથ ધરાવામાં આવ્યા હતા ૯૧૪૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૯૬૯ અને જુના ૧૭૨૧ દર્દીઓ સહિત કુલ ૨૬૯૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૬૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૬૬ તથા આંખ વિભાગમાં ૩૨૫૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૬૪૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પૂર્વ(વરાછા) ઝોનમાં મોટા વરાછા, નાના વરાછા તેમજ કપાદ્રા વિસ્તારમાં કરેલ ડિમોલીશન બાબત :–

(૧) પૂર્વ(વરાછા)ઝોનમાં ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૧૮(મોટા વરાછા)ના ફા.પ્લોટ નં. ૩ માં આવેલ દ્વારકેશ સોસાયટીના સબ પ્લોટ નં. ૧, ૨ માં બીજા માળે આશરે ૨૦' × ૪૦' ના માપ વિસ્તારમાં આર.સી.સી., બીમ, કોલમ તથા ચણતરની દિવાલ નું ગેરકાયદેસર બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) ના ફા.પ્લોટ નં. ૩૯/બી પૈકીમાં આવેલ ગોવિંદનગર સોસાયટીના પ્લોટ/ મકાન નં. બી/૧૧૬ માં પરવાનગી વગર બીજા માળના આશરે ૬૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારના સેન્ટરીંગ શટરીંગ તોડી ને દુર કરવામાં આવેલ છે. ઉપરાંત પ્લોટ /મકાન નં. ૧૧૬ ની સામેના ભાગે સોસાયટીના માર્જીન/ આંતરીક રસ્તા કવર્ડ કરી મુખ્ય રોડને અડીને બનેલ ગેલ્વેનાઈઝના પતરા/ સ્ટીલ ફેબ્રીકેશનના શેડ તોડી ને આશરે ૬૦૦.૦૦ ચો.ફુટનો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)ના ફા.પ્લોટ નં. ૪૨/એ પૈકીમાં આવેલ ભગવાન નગર સોસાયટીમાં આવેલ મકાન નં. એ/૪ પૈકીમાં પરવાનગી વગર બીજા માળના આશરે ૫૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતરનું કામ તોડી પાડવામાં આવેલ છે.

(૪) ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) ખાતે જી.ઈ.બી.ની પાછળ આવેલ નહેરવાળા ડી.પી. રોડ પરની જવાહરનગર વસાહત માંથી આજરોજ ૨(બે) તબેલાઓ તથા ૫(પાંચ) ઝુપડાઓમાંથી આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટનો રસ્તા પૈકીના ભાગનો કબજો લીધેલ છે.

સદર કામગીરી અત્રેની પૂર્વ(વરાછા)ઝોન કચેરીના શહેર વિકાસ ખાતાના ઈજનેરી સ્ટાફ તથા દબાણ વિભાગ મારફત એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ.

TOP

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"



સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની અને કમિશનરશ્રીઓની ટીમ વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. ટુર્નામેન્ટનો ચોથો દિવસ તા.૧૦/૦૨/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે વડોદરા કમિશનર ઈલેવન અને જુનાગઢ કમિશનર ઈલેવનની વચ્ચે મેચ રમાઈ હતી. વડોદરા કમિશનર ઈલેવને ટોસ જીતી પ્રથમ દાવ લઈ, શ્રી અજય સોલંકીના ૪૭ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૭૭ રન, શ્રી સુરેશ ચાવડાના ૩૮ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૪૧ રન અને શ્રી કસ્તુર રાઠોડના ૧૩ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૨૪ રન સાથે નિર્ધારીત ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૯૩ રનનો જંગી જુમલો કર્યો હતો. જુનાગઢ કમિશનર ઈલેવન ટીમ વતી શ્રી નરેન્દ્ર ઢુવાએ ૩ વિકેટ અને શ્રી પ્રશાંત દેસાઈએ ૧ વિકેટ ઝડપી હતી. જુનાગઢ કમિશનર ઈલેવન ટીમએ જંગી લક્ષ્યાંકનો પીછો કરતાં ૧૩.૫ ઓવરમાં ૯ વિકેટે ૨૯ રનમાં સમેટાઈ જતાં, વડોદરા કમિશનર ઈલેવનનો ૧૬૪ રનથી ભવ્ય વિજય થયો હતો. આ મેચમાં શ્રી અજય સોલંકી મેન ઓફ ધ મેચ ઘોષીત થયા હતા.

તા.૧૦/૦૨/૧૪ની બીજી મેચ રાત્રે ૭.૩૦ કલાકે અમદાવાદ મેયર્સ ટીમ અને જામનગર મેયર્સ ટીમ વચ્ચે રમાઈ હતી. અમદાવાદ મેયર્સ ટીમે ટોસ જીતીને પહેલાં બેટીંગ પસંદ કરી શ્રી પ્રિતેષભાઈ મહેતાના ૩૯ રન અને શ્રી જયેશભાઈ પટેલના ૧૦ રન સાથે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૯૮ રન કર્યા હતા. જામનગર મેયર્સ ટીમ વતી શ્રી કેતનભાઈ નાકવાએ ૪ ઓવરમાં ૯ રન આપી ૨ વિકેટ અને શ્રી જયેશભાઈ લખીયારાએ ૪ ઓવરમાં ૧૩ રન આપી ૨ વિકેટ લીધી હતી. જામનગર મેયર્સ ટીમએ શ્રી કેતનભાઈ નાકવાના ૩૬ બોલમાં ૭ ચોગ્ગા સાથે ૪૯ રન અને શ્રી આકાશભાઈ બરડના ૧૬ રન સાથે ૧૧.૩ ઓવરમાં ૪ વિકેટે ૯૯ રન કરી ૬ વિકેટે જીત હાંસલ કરી હતી. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી કેતનભાઈ નાકવાને જાહેર કરવામાં આવ્યા હતા.

હવે સેમીફાઈનલની મેચ તા.૧૧.૦૨.૧૪ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુરત કમિશનરશ્રીની ટીમ વર્સીસ રાજકોટ કમિશનરશ્રીની ટીમ વચ્ચે અને સાંજે ૭.૩૦ કલાકે રાજકોટ મેયરશ્રીની ટીમ વર્સીસ સુરત મેયરશ્રીની ટીમ વચ્ચે યોજાશે. જયારે તા.૧૨.૦૨.૨૦૧૪ના રોજ બપોરે ૩.૩૦ કલાકે જામનગર કમિશનરશ્રીની ટીમ વર્સીસ વડોદરા કમિશનરશ્રીની ટીમ વચ્ચે અને સાંજે ૭.૩૦ કલાકે વડોદરા મેયરશ્રીની ટીમ વર્સીસ જામનગર મેયરશ્રીની ટીમ વચ્ચે યોજાશે. તા.૦૭.૦૨.૨૦૧૪ થી શરૂ થયેલ આ ટુર્નામેન્ટમાં તા.૧૩.૦૨.૨૦૧૪ સુધી દરરોજ બે મેચો રમાનાર છે. જે મેચ નિહાળવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોન દ્વારા E.W.S આવાસમાં સીલ માર્યા તેમજ રસ્તા પર ગે.કા.હોર્ડિંગ તથા બેનર દુર કરેલ :–

(૧) પૂર્વ (વરાછા) ઝોનમાં ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૧૧૮માં આવેલ ભઈધઈક આવાસના રહીશો સમયસર હપ્તા ન ભરતા હોવાના કારણે આજરોજ વરાછા ઝોન દ્વારા કુલ ૩૩૫ ફલેટ પૈકી કુલ ૧૮૦ ફલેટ દ્વારા ના ફલેટને સીલ મારવામાં આવેલ, જે દરમ્યાન ફલેટ ધારકો પાસેથી કુલ રૂા.૪.૫૦ લાખ વસુલ કરવામાં આવેલ છે અને હજુ પણ વસુલાત કરવાની કામગીરી ચાલુ છે. સદર કામગીરી પોલીસ ખાતાની મદદથી પાર પાડવામાં આવેલ છે.

(૨) વધુમાં ટી.પી.સ્કીમ નં.૩૮ (નાના વરાછા)માં આવેલ નટવરનગર સોસાયટીના સબ પ્લોટ નં.૧૪ તથા ૧૫ વાળી રસ્તા પૈકીમાં આવતી મિલકતમાં મિલકતદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવ્યા વિના આશરે ૪' × ૯' મી.ની સાઈઝમાં હોર્ડિંગ્સ ઉભા કરેલ હોવાનું ધ્યાને આવતા તે દુર કરવામાં આવેલ છે તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ કરી સામાન જપ્ત કરવામાં આવેલ છે. વધુમાં મોટાવરાછા વિસ્તારમાં રસ્તા પર ગેરકાયદેસર ઉભા કરેલ આશરે ૧૫૦ જેટલા હોર્ડિંગ્સ, બેનર દુર કરવામાં આવેલ છે.

TOP

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની અને કમિશનરશ્રીઓની ટીમ વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૧૧/૦૨/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત કમિશનર ઈલેવન અને રાજકોટ કમિશનર ઈલેવનની વચ્ચે પહેલી સેમીફાઈનલ મેચ રમાઈ હતી. સુરત કમિશનર ટીમએ ટોસ જીતી બેટીંગ પસંદ કરી, શ્રી નરેશ પરમારના ૫૯ બોલમાં ૨ છગ્ગા અને ૮ ચોગ્ગા સાથે શાનદાર ૯૫ રન નોટઆઉટ, શ્રી જીતેન્દ્ર પરમારના ૩૯ બોલમાં ૪ ચોગ્ગા સાથે ૪૭ રન અને શ્રી યોગેશ એમ. પટેલના ૨૪ રન સાથે નિર્ધારીત ૨૦ ઓવરમાં ૧ વિકેટે ૧૭૪ રન કર્યા હતા. રાજકોટ કમિશનર ટીમ વતી શ્રી મુબારકએ ૧ વિકેટ લીધી હતી. રાજકોટ કમિશનર ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૦૨ રનમાં સમેટાઈ જતાં, સુરત કમિશનર ટીમનો ૭૨ રનના વિજય સાથે ફાઈનલમાં પ્રવેશ નિશ્ચિત થયો હતો. આ મેચમાં શ્રી નરેશ પરમાર મેન ઓફ ધ મેચ ઘોષીત થયા હતા.

ટુર્નામેન્ટની મેયર્સ ટીમની પહેલી સેમીફાઈનલ મેચ તા.૧૧/૦૨/૧૪ના રોજ રાત્રી–પ્રકાશમાં સુરત મેયર્સ ટીમ અને રાજકોટ મેયર્સ ટીમ વચ્ચે રમાઈ હતી. સુરત મેયર્સ ટીમે ટોસ જીતીને પહેલાં બેટીંગ પસંદ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૩૩ રન કર્યા હતા. જેમાં શ્રી પ્રવિણભાઈ પટેલના ૬૫ બોલમાં ૮ ચોગ્ગા સાથે ૭૦ રન અને શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડના ૩૩ બોલમાં ૧ છગ્ગા અને ૨ ચોગ્ગા સાથે ૩૬ રન મુખ્ય હતા. રાજકોટ મેયર્સ ટીમ વતી શ્રી બાબુભાઈ ઉઘરેજાએ ૨ વિકેટ લીધી હતી. રાજકોટ મેયર્સ ટીમએ શ્રી પુષ્કરભાઈ પટેલના ૪૩ બોલમાં ૧૧ ચોગ્ગા સાથે ૬૬ રન અને શ્રી કશ્યપભાઈ શુકલના ૪૬ રન સાથે ૧૭ ઓવરમાં ૧ વિકેટ ૧૩૫ રન કરી ૯ વિકેટે જીત હાંસલ કરી હતી. સુરત મેયર્સ ટીમ વતી શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડને ૧ વિકેટ મળી હતી. આ મેચમાં રાજકોટ મેયર ટીમના શ્રી પુષ્કરભાઈ પટેલને અને સુરત મેયર ટીમના શ્રી પ્રવિણભાઈ પટેલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

હવે બીજી સેમીફાઈનલની મેચ તા.૧૨.૦૨.૨૦૧૪ના રોજ બપોરે ૩.૩૦ કલાકે જામનગર કમિશનરશ્રીની ટીમ વર્સીસ વડોદરા કમિશનરશ્રીની ટીમ વચ્ચે અને સાંજે ૭.૩૦ કલાકે વડોદરા મેયરશ્રીની ટીમ વર્સીસ જામનગર મેયરશ્રીની ટીમ વચ્ચે યોજાશે. જે મેચ નિહાળવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં પુણા વિસ્તારમાં કરેલ ડિમોલીશન બાબત :–

(૧) પૂર્વ(વરાછા)ઝોન માં ડ્રા.ટી.પી. ૧૨ (પુણા)માં આવેલ સંસ્કારધામ સોસાયટીમાં ગાળા નં.૧૯ પૈકીમાં લીન્ટલ લેવલ સુધીનું આશરે ૮૯૦.૦૦ ચો.ફુટનું આર.સી.સી., કોલમ, લીન્ટલ તેમજ ચણતરસહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૨ (પુણા) માં આવેલ કૃષ્ણનગર સોસાયટીના પ્લોટ નં. ૧૨૫/એ, ૧૨૫ તથા ૧૨૬ ના ગ્રાઉન્ડ ફલોરમાં સ્લેબ લેવલનું ૧૧૯૦.૦૦ ચો. ફુટનું આર.સી.સી., કોલમ, લીન્ટલ તેમજ ચણતરસહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ.

(૩) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૦ (પુણા)માં આવેલ વલ્લભનગર સોસાયટીના પ્લોટ નં. ૭૭ માં ત્રીજા માળે ચણતરનું આશરે ૫૨૫.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ તોડીપાડી દુર કરવામાં આવેલ. તેમજ આ જ ટી.પી. સ્કીમમાં આવેલ ઠાકોરદ્વાર સોસાયટી વિ–૧ ના પ્લોટ નં.એ/૧૦૧ માં પહેલા માળ પરનું ચણતર તથા કોલમ સહિતનું આશરે ૫૨૫.૦૦ ચો. ફુટનું ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવામાં આવેલ.

(૪) ડ્રા.સ્કીમ નં. ૧૭ (પુણા) માં પાંચ ઓરી હળપતિવાસ નજીક ૧૮.૦૦ મી. ના ટી.પી. રસ્તાની અસર હેઠળ આવતું દબાણ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

સદર કામગીરી અત્રેની પૂર્વ(વરાછા)ઝોન કચેરીના શહેર વિકાસ ખાતાના ઈજનેરી સ્ટાફ તથા દબાણ વિભાગ મારફત એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ.

**TOP**

## ''સંજીવકુમાર ઓડીટોરીયમ''નું લોકાર્પણ બાબત :–

સુરત મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત ૧૧૦૦ બેઠક ક્ષમતા ધરાવતું ''સંજીવકુમાર ઓડીટોરીયમ''નું લોકાર્પણ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે તા.૧૪/૦૨/૨૦૧૪ને શુક્રવારના રોજ થનાર છે. જેના શુભારંભ ઉજવણી અંતર્ગત તા.૧૪ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન રાત્રે ૮.૦૦ કલાક થી ૧૨.૦૦ કલાકના સમય દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સીનેમાની પાછળ, હજીરા રોડ, પાલ, સુરત ખાતે સુગમ સંગીત, નાટક, ઓરકેસ્ટ્રા, ડાયરો, ભરતનાટ્યમ, કલાસીકલ નૃત્ય વિગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરના નગરજનો વિવિધ કાર્યક્રમો માણી શકે તે માટે સૌપ્રથમ સુરત મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

**સંજીવકુમાર ઓડિટોરીયમના શુભારંભ ઉજવણી અંતર્ગત યોજનાર કાર્યક્રમો**

| ક્રમ | તારીખ/વાર | કાર્યક્રમ |
|---|---|---|
| ૧ | ૧૪/૦૨/૨૦૧૪<br>શુક્રવાર | અંકિત ત્રિવેદી ગૃપ સંચાલિત સુગમ સંગીત કાર્યક્રમ<br>''લોકપ્રિય ગુજરાતી ગીતોની ષષ્ઠીપૂર્તિ'' |
| ૨ | ૧૫/૦૨/૨૦૧૪<br>શનિવાર | યઝદી કરંજીયાનું નાટક<br>''કૂતરાની પૂંછડી વાંકી'' |
| ૩ | ૧૮/૦૨/૨૦૧૪<br>મંગળવાર | આનંદ પલજકકરગૃપ સંચાલિત<br>''સંજીવકુમારના ગીતોની એક યાદગર સફર'' |
| ૪ | ૨૦/૦૨/૨૦૧૪<br>ગુરૂવાર | સૂર મહેક ગૃપ<br>સૂખદેવ ઘામેલીયા અને અન્ય કલાકારો<br>''ડાયરો'' |
| ૫ | ૨૧/૦૨/૨૦૧૪<br>શુક્રવાર | સુરત શહેરની વિવિધ નૃત્ય, કલા સંસ્થાઓનો<br>ભરત નાટ્યમ, કલાસીકલ નૃત્ય |
| ૬ | ૨૨/૦૨/૨૦૧૪<br>શનિવાર | સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૧મી નાટ્ય સ્પર્ધામાં પ્રથમ વિજેતા નાટક ''ખેલંદો'' |

''સંજીવકુમાર ઓડીટોરીયમ''ના શુભારંભ ઉજવણી અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમોને માણવા સુરતના રસજ્ઞ કલાપ્રેમી નગરજનોને હાર્દિક નિમંત્રણ છે. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. પ્રવેશ તેમજ બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા

## સ્વચ્છ સુરત – સ્વસ્થ સુરત – હરિયાળુ સુરત

## તા. ૧૨–૨–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | 29 |
| ૧ | ડે. ઈજનેર | 3 |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | 17 |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | 7 |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | 4 |
| ૫ | ટેકનીકલ આસી. | 11 |
| ૬ | વાયરમેન | 8 |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | 96 |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | 4 |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | 17 |
| ૧૦ | કડીયા | 4 |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | 0 |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | 505 |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | 82 |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | 0 |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | 37 |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | 0 |
| ૧૩ બ | લારી | 0 |
| ૧૩ ક | ગલ્લા | 0 |
| ૧૩ ડ | અન્ય સામાન | 0 |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | 77 |

TOP

| | | |
|---|---|---|
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | 46 |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | 3690 |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | 35 |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | 40 |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | 6 |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | 0 |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | 84 |
| વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | | 0 |
| ૨૦ | કુલ ઘર સર્વે | 2796 |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | 7865 |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | 19 |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | 17 |
| ૨૪ અ | એનો. | 4 |
| ૨૪ બ | એડીસ | 15 |
| ૨૪ ક | કયુલેકસ | 0 |
| ૨૪ ડ | મિશ્ર | 0 |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | 89 |
| ૨૬ | એફ.આર.ટી. આપી | 10 |
| ૨૭ | ફોગીંગ આયોજન | 0 |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | 199 |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | 32350 |
| ૩૦ | ઈસમોની સંખ્યા | 185 |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | 10.3 |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | 58 |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | 3 |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | 4 |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | 0 |

TOP

| સફાઈ ઝુંબેશનો વિસ્તાર :– | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | નાનપુરા ચોસઠ જોગાણી માતાના મંદીરથી ગાંધીસ્મૃતિ ભવન થઈ આર.ટી.ઓ. ઓફીસ સુધી બન્ને સાઈડ, સ્વર્ણિમ સર્કલથી સહારા દરવાજા સુધી રેલી તથા ડીવાઈડર, બડેખા ચકલા પોલીસ ગેટથી સુરત ચેનલ રોડ , હનુમાન ચાર રસ્તા સુધી, પારસીવાડ કન્ટેઈનર થી સૈયદપુરા પ્રટ્રોલ પંપ થઈ હરીપુરા હરીજનવાસ સુધી |
| વરાછા ઝોન | : | કરણીમાતા ચોકથી પારસી પંચાયત સુધી, પારસી પંચાયતથી ખાડી પુલ, ખાડી પુલથી નહેર સુધી, મગોબ વોર્ડ ઓફીસથી કરણી માતા ચોક, ખાડી પુલથી મગોબ વોર્ડ ઓફીસ સુધી, પર્વત પાટીયા ઓવરબ્રીજની નીચેનો ભાગ, પર્વત પાટીયા થી ખાડી પુલ સુધી, પ્રતિમાથી કરણી માતા ચોક સુધી (ડાબી–જમણી બાજુ) |
| રાંદેર ઝોન | : | – |
| કતારગામ ઝોન | : | સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ તેની આજુબાજુનો વિસ્તાર |
| ઉધના ઝોન | : | શાસ્ત્રીનગર, મહાવીરનગર સુર્યપ્રકાશ નગર, શ્રીરામનગર, સાગર સીનેમા મેઈનરોડ |
| અઠવા ઝોન | : | અઠવા ગેટથી સુરત ડુમમ્સ રોડ |
| લીંબાયત ઝોન | : | બસ સ્ટેન્ડથી લીલીયાવાડ સ્કુલ, સંજયનગર થઈ કાકા કાલેકર બાગ થઈ નીલગીરી સર્કલ થઈ ગરનાળા સુધી |

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

**શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી નીચે મુજબ છે.**

**અત્રેના ઝોન વિસ્તારમાં ફા.ટી.પી.સ્કીમ નં.૩૭ (અલથાણ–સાઉથ) મુજબનાં ફા.પ્લોટ નં.૧૨૫ થી ૭૦ સુધીના ૯.૦૦ મી. પહોળાઈના રસ્તાનો ૧૧૭૦.૦૦ ચો.મી. (૧૨૫૮૭ ચો.ફુટ) તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૨ (ભીમરાડ) મુજબનાં ફા.પ્લોટ નં.૬૬ થી ૬૭ સુધીના ૧૮૦૦ મી. પહોળાઈના રસ્તાનો ૩૭૪૪ ચો.મી. (૪૦૨૪૮ ચો.ફુટ) તથા ફા.પ્લોટ નં.૧૭ થી ૫૮ સુધીનાં ૧૮.૦૦મી. પહોળાઈના રસ્તાનો ૭૫૬૦ ચો.મી. (૮૧૩૩૦ ચો.ફુટ) તથા ફા.પ્લોટ નં.૬૦ થી ૧૮ સુધીનાં ૧૮.૦૦ મી. પહોળાઈના રસ્તાનો ૭૩૮૦ ચો.મી. (૭૯૩૯૪ ચો.ફુટ) તથા ફા.પ્લોટ નં.૧૩ થી ૦૨ સુધીનાં ૧૮.૦૦ મી. પહોળાઈનાં ૬૪૮૦.૦૦ ચો.મી. (૬૯૭૧૨ ચો.ફુટ) તથા ડ્રા.ટી.પી.૪૩ (ભીમરાડ) ફા.પ્લોટ નં.૨૪ થી ૯૧ સુધીના ૧૮.૦૦ મી.ની પહોળાઈના રસ્તાનો ૧૦૦ ચો.મી. (૧૦૭૫ ચો.ફુટ) રસ્તાનો કબજો લીધેલ હોય, આમ કુલ્લે ૨,૮૪,૩૭૫.૦૦ ચો.ફુટનો રોડનો કબજો તા.૧૩/૦૨/૧૪ના રોજ લેવામાં આવેલ છે.**

**સદરહુ કામગીરી અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવેલ છે.**

**TOP**

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"



સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની અને કમિશનરશ્રીઓની ટીમ વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૧૨/૦૨/૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે વડોદરા કમિશનર ઈલેવન અને જામનગર કમિશનર ઈલેવનની વચ્ચે બીજી સેમીફાઈનલ મેચ રમાઈ હતી. વડોદરા કમિશનર ટીમએ ટોસ જીતી બેટીંગ પસંદ કરી, શ્રી શિવાંગ ત્રિવેદીના ૫૬ બોલમાં ૧ છગ્ગા અને ૩૮ ચોગ્ગા સાથે ૫૧ રન, શ્રી સુરેશ ચાવડાના ૧૭ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૨૨ રન અને શ્રી કસ્તુર રાઠોડના ૧૫ રન સાથે નિર્ધારીત ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૧૨ રન કર્યા હતા. જામનગર કમિશનર ટીમે શ્રી ધમેન્દ્રસિંહ જાડેજાના ૨૦ બોલમાં ૩ છગ્ગા અને ૧ ચોગ્ગા સાથે ૩૫ રન, શ્રી અવિનાશ ખેરના ૩૨ બોલમાં ૫ ચોગ્ગા સાથે ૨૭ રન અને શ્રી સુનિલ વાઘેલાના ૨૭ રન સાથે ૧૯.૪ ઓવરમાં ૪ વિકેટે ૧૧૪ રન કરી ૬ વિકેટે વિજય હાંસિલ કરી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ મેચમાં વડોદરા કમિશનર ટીમના શ્રી શિવાંગ ત્રિવેદી મેન ઓફ ધ મેચ ઘોષીત થયા હતા.

ટુર્નામેન્ટની મેયર્સ ટીમની બીજી સેમીફાઈનલ મેચ તા.૧૨/૦૨/૧૪ના રોજ રાત્રી–પ્રકાશમાં વડોદરા મેયર્સ ટીમ અને જામનગર મેયર્સ ટીમ વચ્ચે રમાઈ હતી. વડોદરા મેયર્સ ટીમે ટોસ જીતીને પહેલાં બેટીંગ પસંદ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૩૭ રન કર્યા હતા. જેમાં શ્રી ચિરાગભાઈ બારોટના ૫૨ બોલમાં ૫ ચોગ્ગા સાથે ૫૨ રન અને શ્રી બાલાસાહેબ સૂર્વેના ૪ ચોગ્ગા સાથે ૩૯ રન મુખ્ય હતા. જામનગર મેયર્સ ટીમ વતી શ્રી કેતનભાઈ નાખવાએ ૨ વિકેટ લીધી હતી. જામનગર મેયર્સ ટીમએ શ્રી કેતનભાઈ નાકવાના ૪૯ બોલમાં ૧ છગ્ગા અને ૯ ચોગ્ગા સાથે ૭૪ રન અને શ્રી બાબુલાલ ચાવડાના ૨૪ રન સાથે ૧૯.૪ ઓવરમાં ૯ વિકેટે ૧૪૦ રન કરી ૧ વિકેટે જીત મેળવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. વડોદરા મેયર્સ ટીમ વતી શ્રી ચિરાગભાઈ બારોટએ ૩ વિકેટ, ર્ડા.હિતેન્દ્રભાઈએ ૨ વિકેટ લીધી હતી. આ મેચમાં જામનગર મેયર ટીમના શ્રી કેતનભાઈ નાકવાને ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા.૧૩.૦૨.૨૦૧૪ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુરત કમિશનરશ્રીની ટીમ વર્સીસ જામનગર કમિશનરશ્રીની ટીમ વચ્ચે અને સાંજે ૭.૩૦ કલાકે રાજકોટ મેયરશ્રીની ટીમ વર્સીસ જામનગર મેયરશ્રીની ટીમ વચ્ચે યોજાશે. જે મેચ નિહાળવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP